રાષ્ટ્રિય કવાયત શિક્ષક.

પ્રસિદ્ધ કર્તા: ચ વિભાગ સ્વયંસેવક.

એમ એમ મનીયાર.

કાળુપુર [illegible] ચોકી—અમદાવાદ.

[illegible] ૧૯૨૧ — સંવત ૧૯૭૮

કિંમત ૦-૧-૦

ગઝલ રાગ ભૈરવી.

આ ગયા હૈ કર્મ યુગ કુછ કર્મ કરના શીખ લો.
દેશ પર ઔર જાતિપર હસહસ કે મરના શીખ લો,
માર ને કા નામ મત લો પહેલે મરના શીખ લો.
શાંતિ કે સિદ્ધાંતસે યમસે ન ડરના શીખ લો,
પાર યદિ હોતા તુમે પરતંત્રતા દુઃખ સિંધુસે.
તેર કર તો રક્ત સાગરસે ઉતરના શીખ લો.
ફિર જલાદો સકલ સંસારકો ક્ષણ માત્રમે,
દેશ દુખ કી આગમેં પર પહેલો જલના શીખ લો.
જેલ યાત્રા કે લીયે દિન રાત ઉત્સાહિત રહો.
કૃષ્ણ જન્મ કે સ્થાનમેં નિર્ભય વિચરના શીખ લો.
દેખના હેં દ્રશ્ય ભારત વર્ષમે યદિ સ્વર્ગકા,
દે પ્રાણ પતરીદુઃખ હરના શીખલો.

અમદાવાદ બાળાહનમાન લીંબડા પોળ પાસે આવેલા મહાલક્ષ્મી પ્રી. ટીંગ પ્રેસમાં
શાહ ગીરધરલાલ પ્રેમચંદે છાપી.

રાષ્ટ્રિય કવાયત શિક્ષક.

સ્વરાજ્ય સભા. બ. વિભાગ.

હિંદી.	અંગ્રેજી.	ગુજરાતી.	રીમાર્ક
એકતન	ફોલ ઇન એકોર્ડીંગ ટુધ સાઈઝ.	એકહાર	ઉંચાઇ પ્રમાણે એક હારમાં ઉભા રહેવું
હુંશીયાર.	એટેન્શન	તૈયાર	ટટાર ઉભા રહેવું
આરામ	સ્ટેન્ડેટ ઇઝ	આરામ.	
આરામસે	ઇઝી	વધારેઆરામ	
જગો.	સ્પેઇસ.	જગો	

૬	જગોમીલાવ.	સ્પેસ કવર અપ	
૭	સામને નીધા	આઇઝ ફરન્ટ	સામે નજરકરો
૮	બાયે નીધા	આઇઝ લેફ્ટ	ડાબી બાજુએ જુઓ
૯	દાહને નીધા	આઇઝ રાઇટ	જમણી બાજુએ જુઓ
૧૦	આધેદહીનેફરો	રાઇટ ઇન્કલાઇન	અડધા જમણા ફરો
૧૧	આધે બાંયેફરો	લેફ્ટ ઇન્કલાઇન	અડધા ડાબાફરો
૧૨	પીછે ફિરો	એબાઉટ ટર્ન	પાછા ફરો
૧૩	દહીને ફિરો	રાઇટ ટર્ન	જમણા ફરો
૧૪	બાયે ફિરો	લેફ્ટ ટર્ન	ડાબા ફરો
૧૫	ગીનતી	નંબર્સ	ગણત્રી એક
૧૬	ગીનતી ફીરસે	અગેઇન નંબર્સ	ફરીથી નંબર ગણો

૧૭	ગીનતી એકદો નંબર્સ ઓન		ગણત્રી એકબે
૧૮	દ્વીકતર	ફોર્મ ટુ ડીપ	બે હાર થાઓ
૧૯	પુર્વોસ્થીત	એઝયુ વેર	જેમ હતા તેમ
૨૦	જગો મીલાવ	સ્પેઇસિ કવર અપ	જગો લઇલો
૨૧	ચોકતર	ફોર્મ ફોર્સ	ચાર હાર થાઓ
૨૨	દોબીચ	ઓડ નંબર	એકી નંબર
૨૩	એક બીચ	ઇવન નંબર	બેકી નંબર
૨૪	આસ્તે કુચકરો માર્ચ		ધીમેથી ચાલવુ
૨૫	દોડલગાવ	ડબલ માર્ચ	જોરથી ચાલવું
૨૬	કુચકરો	કવીક માર્ચ	ચાલવું
૩	સ્થા	હોલ્ટ	અટકવું

એક કદમ આગે વન સ્ટેપ ફોરવર્ડ એક ડગલું આગળ

૨૯	એક દમ પીછે	વન સ્ટેપ બેકવર્ડ	એક પગલું પાછળ
૩૦	દો કદમ આગે	ટુ સ્ટેપસ બેકવર્ડ	બે પગલાં પાછળ
૩૧	દો કદમ પીછે	ટુ સ્ટેપસ બેકવર્ડ	બે પગલાં પાછળ
૩૨	હરોલ	સાઇડ લાઇન	પડખે હાર
૩૩	હાર	લાઇતી	પંકતો
૩૪	પહેલીહાર	ફ્રન્ટરેન્ક	પહેલી પંકતી
૩૫	દુસરી હાર	સયર રેન્ક	બીજી પંકતી
૩૬	ચક ગોળ	રાઉન્ડ સર્કલ	કુંડાળું
૩૭	દીવાલ બંધ	વોલ સટ	દીવાલ બંધ
૩૮	દહીનેચક	રાઇટ વોલ	જમણા વળવું
૩૯	બાયચક	લેફ્ટ વોલ	ડાબા વળવુ
૪૦	ચીત્તે સુઓ	લાઇ ચેસ્ટ અપ	ચીતા સુવો

૪૧	જીન્તે સુઓ	લાઇ ચેરટ અપ	ચીતા સુવો
૪૨	ઉલટ સુવો	લાઇચેરટ ડાઉન	અવળાં સુવો
૪૪	સલામ	એલ્સુટ	નમન
૪૫	ટુકડી	ડીવીઝન એન્ડ	ટોળી, વિભાગ

ફોર

૪૬	પીછેકી હાર	રીયલ રેન્કસ	પાછલી હારની એ
૪૭	જગા મીલાવ	રીયલ ફાયીલ	જગા પુરવી

ફવર

૪૮	આગેકી હાર 'દહી' ને ફરો	ફ્રસ્ટ એન્ડ ફાસ્ટ	આગળી હારે જમણા ફરવુ'

પીછેકી હાર બાયે   રાઈટ એન્ટ લેફ્ટ પાછલી હારે

ફેરો કુચ કરો   ડાબે ફરવું બેકટ

પાછળ એકી

આગળ ઉભા

રહેવું

૪૯ ખલાસ   ડીસપર્સ પુરૂં સંપુરણું

ઓદ્ધા

૧	સેનાધી પતી	કેપટન	સરદાર
૨	સેનાની	વાઇસ કેપટન	ઉપ સરદાર
૩	નાયક	સારજન્ટ	જમાદાર
૪	સ્વયંક સેવક	વોલન્ટીયર	સેવક
૫	મંત્રી	સેક્રેટરી	મંત્રી

આ બુકમાં કાંઈ ભુલ થઇ હોય તો ક્ષમા આપશો. કારણ કે ઘણી તાકીદેથી આ કામ કરવામાં આવ્યું છે. બીજી આવૃતી સુધારા વધારા સાથે થોડા વખતમાં બહાર પડશે.

સમાપ્ત

બે બોલ

પ્રિય માતાના સંતાનો,

સેંકડો વર્ષથી પરદેશીઓના પગ તળે ખુંદાતી, રીબાતી, ગુ પરતંત્ર ભારત માતાના ઉધ્ધાર માટે હૃદયમાં કંઇ લાગણી થાય છે કે ? જો થતી હોયતો આવો આપણે તમામ જાતના ભેદભાવોની દિવાલોની નષ્ટ કરી એક દિલે કહીએ કે :—સ્વતંત્રતા જહારી પ્રિયતમા છે, તેની પ્રિતીમાં હમો સુખી છીએ. ઉંચામાં ઉંચા વૈભવો અને વિલાસોમાં રગદોળાઇ રહેવા કરતાં માત્ર કંદમુળ ખાઇ દેશનું કલ્યાણ થાય, દેશ તરફનો મ્હેને આશીર્વાદ મળે તે માટે અહિંસામય લડત લડવાનું પસંદ કરૂં છું જે ભૂમીએ મને જન્મ આપ્યો છે, જેના પર હું હાલું ચાલું છું અને જે ભૂમિમાં પેદા થયેલા અન્નથી મ્હારૂં શરીર પોષાયેલું છે. અને તેના માટે ભલે હું મરણ પામું- ભવિષ્યના જમાનાના બાળકો ભલે ને મારૂં નામ પણ ન જાણે મ્હારી કબ્ર ગમે ત્યાં થાય. પણ હું તેમના સ્વાતંત્ર્ય અને સ્વાતંત્ર્યથી મળતાં અન્ય સુખો માટે લડું છું. તે વિચાર કરતાં મ્હારાં હૃદયને ઘણો આનંદ થાય છે:

પ્રિય બાંધવો ! આપણા માટે હવે એકજ રસ્તો છે. આપણે કોઇનું મરણ કરવા નથી ઇચ્છતા પણ મરણ પામવાજ ઇચ્છીએ છીએ. અને તેમ કરવાની સફળ શકિત મેળવીશું ત્યારેજ આપણી માતાનો ઉધ્ધાર કરી શકીશું. આજે લગ્નોત્સવો કરી ગૃહસંસાર માંડી ગુલામી પ્રજા પેદા કરવાનો સમય નથી પરન્તુ શારીરિક અને માનસિક શકિત [illegible] અખંડ બ્રહ્મચર્ય પાળી માતાનો ઉધ્ધાર કરવાની મહાન્ જવાબદારી આપણા શીરપર ઝઝુમી રહેલી છે. અને જો તે આપણે પૂર્ણ ન કરી શકીએ તો ભવિષ્યની પ્રજાને ગુલામગીરીના કાળા ડાઘ સિવાય આપણા ભાગ્યમાં બીજુ કશુંજ નથી તમો સ્પષ્ટ રીતે દેશની દુર્દશા નિહાળતા આવ્યા છો–નિહાળો છો અને જો તેમ ન હોયતો આ લાગણી એ લગાર હૃદયમાં ઉદ્ભવી છે ?

પ્રિય યુવકો !

તમને લાગણી થાય છે કે દેવો અને ઋષિઓના લાખો વંશજો આજે લગભગ અન્ન જેવા બની રહ્યા છે ? તમને લાગણી થાય છે કે, હજારો ભૂખ્યાં. અને ગરીબ બાળકો આજે ભૂખે મરી રહેલા છે અને ગરીબોના વર્ષોથી ભૂખેજ મરતા આવ્યા છે ? તમને લાગણી થાય છે કે એક કાળા વાદળનો આંકડો અજ્ઞાન અને પરતંત્રતા દેશ પર ફરી વળે છે ? એ વાદળાને જોઈ તેમ આ ઉપર આવ લાગ્યો છો ? એ જોઈને તમારી નિંદ્રા ઉડી જાય છે ? એ દેખાવની ... તમારા લોહીમાં અને તમારી નસોમાં પ્રવેશ કરી રહેલી ? તમારા હૃદયના ધબકારા સાથે તે એક થઈ રહેલી છે ? તેનાથી તમે ગાંડા બની રહ્યા છો ? ફક્ત એ એકજ દુઃખના વિચારથી તમે તમારા નામ, કીર્તિ, સગાં વ્હાલાં, માલ મિલ્કત અને તમારા દેહને પણ ભૂલી ગયા છો ? તમે તેમ કર્યું છે ? એ સ્થિતિ સાથે આપ કરશો ત્યારેજ હિન્દ સ્વતંત્ર થશે જરૂર થશે.

આ રાષ્ટ્રીય કવાયત શિક્ષકના અંગે બે બોલજ લખતાં મને આનંદ થાય છે. અને તેમાંનો તમામ ભાગ ભાઈ એમ. એમ. મનીઆર, કે જે એક ઉછરતી વયના યુવક છે, અને જેમણે આવું આવું નાનું નાનું ઉપયોગી સાહિત્ય વખતો વખત બહાર પાડી ભારતની સેવા બજાવી છે, એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. વંદેમાતરમ

સેવક ગિરધરલાલ ભાણજી ઠક્કર

આ બુક ઘણીજ ઉતાવળે બહાર પાડવામાં આવી છે. અને તેને અંગે જે ભૂલ ચૂક જોવામાં આવે તે કૃપા કરી બીજી આવૃત્તિમાં સૂચના કરશો એવી આશા છે.

લી. હું. શું. આપનો

એમ. એમ. મનીઆર